પેજ 3

સલમાનના ઘર પર ગોળીબાર: પોલીસે અનમોલ બિશ્નોઈ સામે લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો

મુંબઈ પોલીસ ગુજરાતની જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈની કસ્ટડી લેશે

મુંબઈ, તા. 26 (પીટીઆઈ): 14 એપ્રિલે મુંબઈના બાંદ્રામાં અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ગોળીબારના સંદર્ભમાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ બિશ્નોઈ વિરુદ્ધ શુક્રવારે લુકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવામાં આવ્યો હતો, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે પોલીસ લોરેન્સ બિશ્નોઈની કસ્ટડી લેશે, જે હાલમાં ગુજરાતની સાબરમતીની જેલમાં બંધ છે અને આ કેસમાં કડક મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ (મકોકા) લાગુ કરવાનું પણ વિચારી રહી છે. અનમોલ બિશ્નોઈએ ગોળીબારની જવાબદારી સ્વીકારી હતી અને એક તપાસમાં પણ તેની સંડોવણી સામે આવી હતી, જેના પગલે મુંબઈ પોલીસ દ્વારા એલઓસી જારી કરવામાં આવ્યું હતું, એમ અધિકારીએ ઉમેર્યું હતું. 'અનમોલ અને લોરેન્સ બિશ્નોઈના નામ આ કેસમાં વોન્ટેડ આરોપી તરીકે આપવામાં આવ્યા છે. અનમોલ બિશ્નોઈ કેનેડામાં રહે છે અને અમેરિકાની મુલાકાત પણ લે છે. જો કે, ફેસબુક પોસ્ટનું આઈપી એડ્રેસ, જેના દ્વારા તેણે ગોળીબારની જવાબદારી લીધી હતી, તે પોર્ટુગલનું ટ્રેસ થયું હતું', એમ અધિકારીએ જણાવ્યું હતું. કથિત ગોળીબાર કરનારા વિકી ગુપ્તા (24 વર્ષીય) અને સાગર પાલ (21 વર્ષીય), બંને બિહારના રહેવાસી છે, સોનુ કુમાર સુભાષ ચંદર બિશ્નોઈ (37 વર્ષીય) અને અનુજ થાપન (32 વર્ષીય) સાથે તેમની ધરપકડ કરવામાં આવી હતી, આ બે શખ્સોએ 15 માર્ચે બે દેશી બનાવટની પિસ્તોલ અને કારતૂસ વિકી અને સાગરને આપી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

તારક મહેતાનો સોઢી 4 દિવસથી ગુમ છે

મુંબઈ, તા. 26: તારક મહેતા કા ઉલટા ચશ્મામાં પહેલાં રોશન સિંહ સોઢીનું પાત્ર ગુરુચરન સિંહે ભજવ્યું હતું. ગુરુચરન છેલ્લા 4 દિવસથી ગુમ છે. સોઢી નામથી પ્રખ્યાત થયેલા ગુરુચરનના ગુમ થવા પર તેમના ફેન્સ ચિંતામાં પડ્યા હતા. ગુરુચરનની મિત્ર મિસ સોનીએ મીડિયાને જણાવ્યું હતું કે તેઓ 24 એપ્રિલથી ગુમ છે અને તેમનો ફોન પણ સ્વિચ ઓફ આવી રહ્યો છે. સોનીએ ગુરુચરનના તમામ સંબંધીઓ અને મિત્રોને પણ સોઢી વિશે પૂછ્યું હતું પણ તેના કોઈ સમાચાર મળ્યા ન હતા. 4 દિવસ પહેલાં જ સોઢીએ પોતાના પિતાને જન્મ દિવસની શુભેચ્છા પાઠવતી પોસ્ટ કરી હતી જેમાં તે બહુ જ ખુશ દેખાઈ રહ્યો હતો.

જેના લીધે મી ટુ ચળવળ શરૂ થઈ એ નિર્માતા હાર્વે વેઈનસ્ટીનને બળાત્કારના કેસમાં અદાલતથી રાહત

વોશિંગ્ટન,તા. 26: બળાત્કારના કેસમાં સજા ભોગવી રહેલા હોલિવૂડના દિગ્ગજ નિર્માતા હાર્વે વેઈનસ્ટીનને લઈને ન્યુયોર્ક કોર્ટે ટ્રાયલ કોર્ટના નિર્ણયને પલટાવ્યો છે. 7 ન્યાયાધીશોની બેન્ચમાંથી 4 ન્યાયાધીશો સજાની વિરુદ્ધ હતા જ્યારે 3 ન્યાયાધીશો સજાના પક્ષમાં હતા. હેશ-ટેગ-મી-ટુ ચળવળ હાર્વે વેઈનસ્ટીન પર લાગેલા આરોપો પછી જ શરૂ થઈ હતી. હાર્વે વાઈનસ્ટીન પર 80 થી વધુ મહિલાઓએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. પ્રોડક્શન આસિસ્ટન્ટ મિમી હેલીના જાતીય હુમલા બદલ તેને 20 વર્ષની અને અભિનેત્રી જેસિકા માન પર બળાત્કાર કરવા બદલ ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠે ફસાયેલી ૧૦૦ પાયલોટ વ્હેલોને બચાવી લેવાઈ

૩૧ વ્હેલ દરિયાકાંઠે મૃત્યુ પામી

સિડની, તા. ૨૬: પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના એક દરિયાકાંઠે ખેંચાઈ આવેલી અને ફસાઈ ગયેલી ૧૦૦ કરતા વધુ વ્હેલને બચાવીને દરિયામાં પાછી છોડવામાં આવી હતી. જો કે ૨૧ વ્હેલ સમુદ્ર કિનારે જ મૃત્યુ પામી હતી.

ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠે આ જે વ્હેલો તણાઈ આવી હતી તે લાંબી ફીન વાળી પાયલોટ વ્હેલ હતી. ટુરિસ્ટ ટાઉન ડન્સબરો નજીક આ ઘટના બની હતી.

એક વ્હેલ સંશોધકે કહયું હતું કે ૧૬૦ જેટલી વ્હેલ તણાઈ આવી હતી. આ વ્હેલો કાંઠે આવી ગઈ હોવાની માહિતી મળતા વન્યજીવ અધિકારીઓ, વૈજ્ઞાનિકો વગેરે ઘટના સ્થળે ધસી ગયા હતા અને આ પાયલોટ વ્હેલોને બચાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ચીન કહે છે તિબેટ અંગેની મંત્રણા ફક્ત દલાઈ લામાના પ્રતિનિધિ સાથે: સ્વાયત્તતા પર વાતચીત નકારી

તિબેટની ભારત ખાતેની સમાંતર સરકારના વડાની ચીન સાથે બેક-ચેનલ મંત્રણાની વાતના બીજા દિવસે ચીનનું મહત્વનું નિવેદન

બૈજિંગ, તા. ૨૬(પીટીઆઈ): ચીને આજે જણાવ્યું હતું કે તે ફક્ત દલાઈ લામાના પ્રતિનિધિઓ સાથે જ મંત્રણા કરશે અને નહીં કે ભારત ખાતેની તિબેટની દેશવટો ભોગવતી સરકાર સાથે. તેણે સર્વોચ્ચ તિબેટિયન બૌદ્ધ આધ્યાત્મિક નેતાની તેમના દુર્ગમ હિમાલયન વતનની સ્વાયત્તતા અંગેની પણ મંત્રણા કરવાનું નકાર્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવકતા વાંગ વેબીન તિબેટની દેશવટા હેઠળની સરકાર અને ચીની સરકાર વચ્ચેની બેક-ચેનલ મંત્રણાઓ અંગેના અહેવાલ પર પ્રતિભાવ આપી રહ્યા હતા જ્યારે તેમણે કહ્યું હતું કે ચીન ભારતના ધરમશાલા ખાતેની દેશવટો ભોગવતી તિબેટીયન સરકારને એક અલગતાવાદી બ્લોક ગણે છે. કહેવાતી ઝિજાન્ગની દેશવટા હેઠળની સરકાર સંપૂર્ણપણે અલગતાવાદી બ્લોક છે. તે સંપૂર્ણપણે ચીની બંધારણ અને કાયદાઓની વિરુદ્ધ છે. તે ગેરકાયદે છે એમ વાંગે અહીં એક મીડિયા બ્રિફિંગમાં જણાવ્યું હતું. કોઈ દેશે તેને માન્યતા આપી નથી એમ તેમણે કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુવારે તિબેટની દેશવટા હેઠળની સરકારના રાજકીય વડા પેંપા સેરિંગે ધરમશાલામાં મુલાકાતી પત્રકારોના એક જૂથને કહ્યું હતું કે ચીન સાથે અમારી ગયા વર્ષથી બેક-ચેનલ મંત્રણા ચાલી રહી છે પણ તત્કાળ તેની પાસેથી અમારી કોઈ અપેક્ષા નથી. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ મંત્રણાઓ ઘણી અવિધિસરની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલના દલાઈ લામા કે જે ૧૪મા દલાઈ લામા છે તેઓ ૧૯૫૯માં તિબેટથી ભાગીને ભારત આવ્યા હતા અને અહીં તેમને રાજ્યાશ્રય અપાયો હતો. ભારતના હિમાચલ પ્રદેશના ધરમશાલા શહેરમાં તેમણે તિબેટની દેશવટો ભોગવતી સરકારની સ્થાપના કરી હતી.

ઉદ્ધવ ઠાકરે પ્રથમ વખત કોંગ્રેસ માટે મતદાન કરશે

મુંબઈ, તા. ૨૬ (પીટીઆઈ): શિવ સેના(યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે કદાચ પ્રથમ વખત કોંગ્રેસને મત આપશે, જે કોંગ્રેસ પક્ષ તેમના રાજકીય શત્રુમાંથી મિત્ર બની ગયો છે.

હું વર્ષા ગાયકવાડને મત આપવાનો છું કારણ કે તેઓ અહીંથી (મુંઈઈ નોર્થ સેન્ટ્રલ)માંથી લડી રહ્યા છે એમ ઠાકરેએ પત્રકારોને જણાવ્યું હતું. ઉદ્ધવ ઠાકરેનું નિવાસસ્થાન માતોશ્રી મુંબઈના વાંદરે(બાંદ્રા) વિધાનસભા મતવિસ્તારમાં આવેલું છે જે મુંબઈ ઉત્તર મધ્ય લોકસભા ક્ષેત્રમાં આવે છે. શિવસેના અને કોંગ્રેસ વચ્ચે થયેલી બેઠક વહેંચણી મુજબ આ મતવિસ્તારમાંથી કોંગ્રેસે પોતાના ઉમેદવાર વર્ષા ગાયકવાડને ઉભા રાખ્યા છે. મુંબઈની ચાર બેઠકો પર શિવ સેના(યુબીટી) અને બે બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં કોંગ્રેસ, એનસીપી અને શિવસેના વચ્ચે ગઠબંધન રચાયું તે પહેલા કોંગ્રેસ અને શિવસેના એકબીજાના સખત વિરોધી હતા.

ચીનનું હાઈ-ટેક સંશોધન જહાજ પાછું માલદીવના દરિયામાં આવ્યું

માલદીવ સરકારે તેના પરત ફરવાનું કારણ જાહેર કર્યું નથી

માલે, તા. 26 (પીટીઆઈ): 4,500 ટનનું હાઇ-ટેક ચાઇનીઝ સંશોધન જહાજ માલદીવના દરિયામાં પાછું આવ્યું છે, આ દ્વીપસમૂહ દેશના વિવિધ બંદરો પર એક સપ્તાહ ગાળ્યાના બે મહિના પછી તે પરત આવ્યું છે.

ઝિઆંગ યાંગ હોંગ-03 ગુરુવારે સવારે થિલાફુશી ઔદ્યોગિક ટાપુના બંદર પર લાંગરવામાં આવ્યું હતું, એમ એક ન્યૂઝ પોર્ટલે શુક્રવારે અહેવાલ આપ્યો હતો.

જો કે, 'સરકારે તેના પરત ફરવાનું કારણ જાહેર કર્યું નથી. પરંતુ સરકારે અગાઉ જહાજ પ્રથમ વખત આવ્યું તે પહેલાં જહાજને લાંગરવાની મંજૂરીની પુષ્ટિ કરી હતી.' પ્રમુખ મોહમ્મદ મુઇઝુ, ચીન તરફી નેતાની આગેવાની હેઠળની પીપલ્સ નેશનલ કોંગ્રેસ સામાન્ય ચૂંટણીમાં 93માંથી 66 બેઠક જીત્યાના થોડાક દિવસો બાદ આ ઘટનાક્રમ બન્યો હતો.

મુઇઝુ ગયા વર્ષે 'ઈન્ડિયા આઉટ'ના વચન પર સત્તા પર આવ્યા હતા અને 21 એપ્રિલે સંસદીય ચૂંટણીમાં બહુમતીથી જીત મેળવીને, તેમણે તેમની સ્થિતિ વધુ મજબૂત કરી છે.

'વહાણ હવે એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન (ઈઈઝેડ) વિસ્તારમાં ફરીને પાછું આવ્યું છે. તેથી, ઝિઆંગ યાંગ હોંગ-03 જાન્યુઆરીથી માલદીવના પ્રદેશની અંદર અથવા તેની નજીક સક્રિય છે', એમ અહેવાલમાં જણાવ્યું હતું.

આ જહાજ અગાઉ 23 ફેબ્રુઆરીએ માલેથી પશ્ચિમમાં લગભગ 7.5 કિમી દૂર આ જ થિલાફુશી બંદર પર આવ્યું હતું.

આ હાઇટેક જહાજ માલદીવના ઈઈઝેડની સીમા પાસે લગભગ એક મહિનો ગાળ્યા બાદ 22 ફેબ્રુઆરીના રોજ માલદીવના પાણીમાં પહોંચ્યું હતું. લગભગ 6 દિવસ પછી, જહાજ ઈઈઝેડની સીમા પર પાછું ગયું હતું.

ચીન હરિફાઈથી નથી ગભરાતું: જિનપીંગની અમેરિકાને દો ટૂક

કેટલાક મુદ્દાઓ પર મતભેદો વચ્ચે ચીન અને અમેરિકા પાંચ મુદ્દાની સર્વસંમતિ સુધી પહોંચ્યા

બીજિંગ, તા. 26 (પીટીઆઈ): યુક્રેન યુદ્ધમાં રશિયાને ચીનનું સમર્થન અને વૈશ્વિક બજારોમાં મોટી માત્રામાં સસ્તી ચીજવસ્તુઓ ઠાલવવાથી અટકાવવા માટે બીજિંગ પર અમેરિકાના દબાણ સહિતના ઘણા મતભેદો પર ઝઘડામાં, ચીન અને અમેરિકાએ શુક્રવારે તણાવપૂર્ણ સંબંધોને સ્થિર કરવા માટે પાંચ મુદ્દાની સર્વસંમતિ સુધી પહોંચવામાં સફળ થયા. પ્રમુખ શી જિનપિંગ અને વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન વચ્ચે અહીં થયેલી બેઠક બાદ આ સંમતિઓ સધાઈ હતી.

માથાભારે શીએ બ્લિંકનને કહ્યું કે ચીન સ્પર્ધાથી ડરતું નથી જ્યારે અમેરિકાના ટોચના રાજદ્વારીએ યુક્રેન યુદ્ધમાં રશિયાને બીજિંગના સમર્થન અને ફિલિપાઈન્સ સાથેના તેના વધતા સંઘર્ષમાં દક્ષિણ ચીન સમુદ્રમાં દેશની 'ખતરનાક કાર્યવાહી' સાથે જ હાલમાં તાઈવાન સ્ટ્રેટમાં તણાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. શીએ બ્લિંકનને કહ્યું હતું કે ચીન અમેરિકા સાથે સહયોગ કરવા તૈયાર છે પરંતુ સહકાર દ્વિ-માર્ગી માર્ગ હોવો જોઈએ. 'ચીન સ્પર્ધાથી ડરતું નથી, પરંતુ સ્પર્ધા સામાન્ય પ્રગતિ માટે હોવી જોઈએ', એમ શીએ કહ્યું હતું, સત્તાવાર મીડિયાએ અહેવાલ આપ્યો હતો.

torrent POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૯-૦૪-૨૦૨૪, સોમવાર : યોગી વંદના (ન્યૂ કેજી જીઆઈડીસી), મારૂતિ ટેક્સટાઈલ (ન્યૂ કેજી જીઆઈડીસી), મહાવીર સ્વામી (ગોપીપુરા)
- ૩૦-૦૪-૨૦૨૪, મંગળવાર : રેક્સોના, વોલ્વરીન (વસ્તાદેવડી), કેજી જીઆઈડીસી ઈન્ડ. નં.૩૧
- ૦૧-૦૫-૨૦૨૪, બુધવાર : એનપી માચીવાડ (નાનપુરા), પંડોલ ઈન્ડ. નં.૧ (વેડ રોડ)
- ૦૨-૦૫-૨૦૨૪, ગુરૂવાર : પ્રિન્સેસ પ્લાઝા (વરાછા), ઉગમ (એકે રોડ), કેજી જીઆઈડીસી ઈન્ડ. નં.૧૯
- ૦૩-૦૫-૨૦૨૪, શુક્રવાર : સ્મૃતિ સોસાયટી (અમરોલી રોડ), અક્ષર જેમ્સ, ગ્રીન રોઝ (કતાર ગામ), સર્જન સોસાયટી-૨ (કતાર ગામ)
- ૦૪-૦૫-૨૦૨૪, શનિવાર : શ્રી હરી (વરાછા)
- ૦૫-૦૫-૨૦૨૪, રવિવાર : જય ઈન્ડસ્ટ્રીઝ નં.૩ (આંજણા), કેજી જીઆઈડીસી ઈન્ડ. ૫/૪, કેજી જીઆઈડીસી ઈન્ડ. ૫/૫

અસુવિધા બદલ દિલગીર છીએ

અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા
8141970070 પર 'Hi' લખી મોકલાવો
પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતના મોજે ભેસ્તાનના રે.સ.નં.૯૬ પૈકીથી નોંધાયેલ બીનખેતીની જમીન કે જેને સુરત મહાનગર પાલિકાની ટી.પી.સ્કીમ નં.૨૧ (ભેસ્તાન) લાગુ પડતા તેનો ઓરીજીનલ પ્લોટ નં.૪૩ ફાળવવામાં આવતા તેનુંક્ષેત્રફળ૧૫૦૦.૫૦ ચો.મી. તથા ફાઈનલ પ્લોટ નં.૪૯ ફાળવવામાં આવેલ તે બીનખેતીની ખુલ્લી જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ ભેસ્તાનમાં સમાવેશ થતા તેનો સીટી સર્વે નં.૧૪૮૪/૪ તથા શીટ નં.૩૧ આપવામાં આવેલ તે બીનખેતીની ખુલ્લી જમીન કે જેનું સીટી સર્વેના રેકર્ડ મુજબ સુમારે ક્ષેત્રફળ ૧૩૫૯.૩૫ ચો.મી. ચાલી આવેલ છે તે બીનખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની બીનખેતીની ખુલ્લી જમીન (૧) ભુપેન્દ્ર ફુલચંદદાસ, (૨) હેમલ ભુપેન્દ્રભાઈ જરીવાલા તથા (૩) અભિષેક ભુપેન્દ્રભાઈ જરીવાલાની સ્વતંત્ર અને સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. સદરહુ બીનખેતીની જમીનના માલિકો કનેથી સદરહુ જમીન મારા અસીલે કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ લેવાનું નકકી કરેલ છે. સદરહુ જમીન નબોજી, નકરજી, ચોખ્ખે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું અને સદરહુ જમીનમાં(૧) ભુપેન્દ્ર ફુલચંદદાસ, (૨) હેમલ ભુપેન્દ્રભાઈ જરીવાલા તથા (૩) અભિષેક ભુપેન્દ્રભાઈ જરીવાલાનાઓ સિવાય અન્ય કોઈનો કશા પ્રકારનો હકક, હિત, હિસ્સો કબજો ન હોવાનું જણાવી સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો મારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરતી વખતે સુપરત કરવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. વળી, સદરહુ જમીનમાં અન્ય કોઈનો ઈઝમેન્ટના રાઈટસ ચાલી આવેલ નથી. આમ, મારા અસીલ સદરહુ જમીનનો બાકીનો વેચાણ અવેજ ચુકવી ઉપરોકત તમામ જમીન માલિકો કનેથી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ટૂંક સમયમાં કરાવી લેનાર છે. સબબ, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકતિ, ઈસમ, સંસ્થા, બેંક, સહકારી મંડળી, ફાઈનાન્સ કંપની યા અન્ય કોઈપણ વ્યકતિનો લાગભાગ, કબજો, ભોગવટો યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, કે હિત સંબંધ, લાગ-ભાગ, દરદાવો કે બોજો હોય તો તેઓએ સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત અમોને લેખીત/રૂબરૂમાં જાણ કરવી, જો તેમ કરવામાં કસુર કરશો તો તેઓએ સદરહુ જમીન પરત્વેના તેઓના તમામ હકક તથા અધિકાર વેઈવ કરેલ યાને જતા કરેલ હોવાનું માની મારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈની કશા પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

(૧) ભુપેન્દ્ર ફુલચંદદાસ (૨) હેમલ ભુપેન્દ્રભાઈ જરીવાલા (૩) અભિષેક ભુપેન્દ્રભાઈ જરીવાલા

નયન એમ. ભગત તથા અમર ડી. દલવાડી
એડવોકેટ્સ
ઠેકાણું : ઓફિસ નં.યુ/૧૨, અમીઝારા કોમ્પલેક્ષ, અઠવાલાઈન્સ, સુરત. મો.૦૯૭૭૬ ૮૨૧૦૦, ૯૮૭૯૫ ૧૯૦૯૧

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતના મોજે ભેસ્તાનના રે.સ.નં.૯૬ પૈકીથી નોંધાયેલ બીનખેતીની જમીન કે જેને સુરત મહાનગર પાલિકાની ટી.પી.સ્કીમ નં.૨૧ (ભેસ્તાન) લાગુ પડતા તેનો ઓરીજીનલ પ્લોટ નં.૪૩ ફાળવવામાં આવતા તેનું ક્ષેત્રફળ૧૫૦૦.૫૦ ચો.મી. તથા ફાઈનલ પ્લોટ નં.૪૯ ફાળવવામાં આવેલ તે બીનખેતીની ખુલ્લી જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ ભેસ્તાનમાં સમાવેશ થતા તેનો સીટી સર્વે નં.૧૪૮૪/૩ તથા શીટ નં.૩૧ આપવામાં આવેલ તે બીનખેતીની ખુલ્લી જમીન કે જેનું સીટી સર્વેના રેકર્ડ મુજબ સુમારે ક્ષેત્રફળ ૧૩૧૬.૩૦ ચો.મી. ચાલી આવેલ છે તે બીનખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની બીનખેતીની ખુલ્લી જમીન (૧) ધનેશ ફુલચંદદાસ તથા (૨) વિષ્ણુ ધનેશચંદ્ર જરીવાલાની સ્વતંત્ર અને સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. સદરહુ બીનખેતીની જમીનના માલિકો કનેથી સદરહુ જમીન મારા અસીલે કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ લેવાનું નકકી કરેલ છે. સદરહુ જમીન નબોજી, નકરજી, ચોખ્ખે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું અને સદરહુ જમીનમાં(૧) ધનેશ ફુલચંદદાસ તથા (૨) વિષ્ણુ ધનેશચંદ્ર જરીવાલાનાઓ સિવાય અન્ય કોઈનો કશા પ્રકારનો હકક, હિત, હિસ્સો કબજો ન હોવાનું જણાવી સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો મારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરતી વખતે સુપરત કરવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. વળી, સદરહુ જમીનમાં અન્ય કોઈનો ઈઝમેન્ટના રાઈટસ ચાલી આવેલ નથી. આમ, મારા અસીલ સદરહુ જમીનનો બાકીનો વેચાણ અવેજ ચુકવી ઉપરોકત તમામ જમીન માલિકો કનેથી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ટૂંક સમયમાંકરાવી લેનાર છે. સબબ, સદરહુ જમીનમાંકોઈપણ વ્યકતિ, ઈસમ, સંસ્થા, બેંક, સહકારી મંડળી, ફાઈનાન્સ કંપની યા અન્ય કોઈપણ વ્યકતિનો લાગભાગ, કબજો, ભોગવટો યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, કે હિત સંબંધ, લાગ-ભાગ, દરદાવો કે બોજો હોય તો તેઓએ સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત અમોને લેખીત/રૂબરૂમાં જાણ કરવી, જો તેમ કરવામાં કસુર કરશો તો તેઓએ સદરહુ જમીન પરત્વેના તેઓના તમામ હકક તથા અધિકાર વેઈવ કરેલ યાને જતા કરેલ હોવાનું માની મારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈની કશા પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

(૧) ધનેશ ફુલચંદદાસ (૨) વિષ્ણુ ધનેશચંદ્ર જરીવાલા

નયન એમ. ભગત તથા અમર ડી. દલવાડી
એડવોકેટ્સ
ઠેકાણું : ઓફિસ નં.યુ/૧૨, અમીઝારા કોમ્પલેક્ષ, અઠવાલાઈન્સ, સુરત. મો.૦૯૭૭૬ ૮૨૧૦૦, ૯૮૭૯૫ ૧૯૦૯૧

જાહેર નોટીસ ટાઈટલ કલીયરન્સ બાબતે

આથી સર્વે લાગતા વળગતાને જણાવવાનું કે, અમોનાં અસીલશ્રીનાં માલીકી નામે ચાલી આવેલ મિલકત કે જે સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબ-ડીસ્ટ્રીકટ મોજે : રાંદેર ના રેવન્યુ સર્વે નં. ૧૪૧, બ્લોક નં. ૪ વાળી જમીન. જેનો ટી.પી.સ્કીમ નં. ૨૯ ના એફ.પી.નં. ૪૩-૪૪ વાળી જમીનમાં આયોજીત **" દિપમાલા સોસાયટી "** માં રહેણાંક ના હેતુસર પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૫ (સ્થળ તથા વેરાબીલ મુજબ પ્લોટ નં. ૯૬)** વાળી મીલકત કે જે સુમારે **૧૪ × ૪૫ ફૂટ યાને ૬૩૦ ચો.ફૂટ યાને ૭૦ ચો.વાર યાને ૫૮.૫૩ ચો.મી.** છે. જેમાં ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમમાળ ના બાંધકામ વાળી મીલકત ના હાલના માલીક **નારણભાઈ તુલસીભાઈ કાચા ઉર્ફે ચૌહાણ** ચાલી આવેલ છે. જે મીલકત ટાઈટલ કલીયર તથા તમામ બોજા મુકત હોવાનું જણાવેલ છે, અને તેમની મજકુર મિલકતનાં માલીકીનાં નામનાં દસ્તાવેજી પુરાવાઓમાં નીચે મુજબનાં અસલ દસ્તાવેજી પુરાવા ગેરવલ્લે ગુમ થઈ ગયેલ છે, જે તેમનાં કબજામાં કે તેઓએ અન્ય કોઈ પણ ઈસમ, સંસ્થા ઈત્યાદીને સુપ્રત કરેલ નથી કે સોંપેલ નથી કે તેનો ઉપયોગ કરેલ નથી. તેવું તેમની જાત માહીતી મુજબ જણાવે છે. આજરોજ અમારા અસીલશ્રી વતી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ઉપરોકત મિલકત બાબતે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, સંબંધ યા બોજો, લેણું યા ઈઝમેન્ટનાં હકક હોય તો સદર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિત પુરાવાઓ સહિત જાણ કરવી અને મુદત વિત્યે તેવી જાણ કરવામાં નહીં આવે તો અમોને તથા અમારા અસીલને માનવા કારણ રહેશે કે સદરહુ મિલકત બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, સંબંધ યા બોજો યા ઈઝમેન્ટનાં હકકો નથી અને દસ્તાવેજી પુરાવામાં જણાવેલ લીસ્ટમાં જણાવેલ અસલ કોઈનાં કબજામાં કે ચાર્જમાં ન હોવાનું માની સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહીં જેની સર્વે તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી. જે આ જાહેર નોટીસ થકી સર્વેને જણાવીએ છીએ.

//ગુમ થયેલ/ગેરવલ્લે થયેલ માલીકીનાં દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ//

ક્રમ	વિગત
૧.	અસલ વેચાણ દસ્તાવેજ નંબર ૧૦૪/૧૯૮૪,

ઓફીસ : ૩, પૂર્ણિમાં શોપીંગ સેન્ટર, સોમનાથ સાયકલ માર્ટની બાજુમાં, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. મો. ૯૯૦૯૧૮૧૮૨૩

મારી મારફત
હરીકુષ્ણ વી. ચૌહાણ
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ હાલ અડાજણ સબ ડીસ્ટ્રીકટ ના મોજે ગામ : અડાજણ ના સર્વે/બ્લોક નંબર : ૧૨૦/૨ તથા સર્વે /બ્લોક નંબર : ૧૨૦/૩ થી નોંધાયેલી જમીન જેનો ટી.પી.સ્કીમ નંબર : ૩૨(અડાજણ) ફાયનલ પ્લોટ નંબર : ૧૦૭ જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૦૧૫ ચો.મી છે. જે બીનખેતીની જમીનમાં બનાવવામાં આવેલ " વિમલ હેકઝાગોન " નામના એ, બી, સી, ડી, ઈ બિલ્ડીંગો પૈકી બિલ્ડીંગ નંબર : સી (મંજુર પ્લાન મુજબ બિલ્ડીંગ નંબર : ઈ) ના પહેલા માળ ઉપર આવેલ ફલેટ નંબર : સી/૧૦૨ વાળી મીલકતના માલીક, મુખ્ત્યાર તેમજ કબજેદાર તરીકે (૧) પ્રતિમાબેન હિમાંશુભાઈ શાહ તથા (૨) જીગર પ્રમોદભાઈ શાહ નાઓ ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદરહુ મીલકત નકરજી, નબોજી, બીન તકરારી ચોખ્ખા ટાઈટલ કલીયર વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તથા વિશ્વાસ અને ખાત્રી આપી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મીલકતના વેચાણ અંગે કોઈ પણ વ્યકિત, સંસ્થા યા બેંક વિગેરેનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન વિગેરે હોય તો તેઓએ આ નોટીસ મળ્યેથી દિન-૭ માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત હમોને મોકલી આપવા તથા સંપર્ક કરવો. સદરહુ મુદત વિત્યેથી સદરહુ મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, લાગભાગ, હકક, હિત, દરદાવો નથી અને સદરહુ મીલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે. તેમ માની હમારા અસીલ મજકુર માલીક કનેથી સદરહુ મીલકતનો પુરેપુરો અવેજ ચુકવી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

તરૂણ જે વેગડ તથા સમીર બી. ટેલર તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ : ૬-૭, પહેલો માળ, જય જલારામ શોપીંગ સેન્ટર - ૧, ફ્રેન્ડસ કલાસીસની બાજુમાં, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. મો. ૯૭૨૬૫ ૫૧૯૯૯, ૯૭૨૭૬ ૩૭૪૫૩

અસલ વેચાણ દસ્તાવેજ, ઇન્ડેક્ષ-ર તથા રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર.આર.) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકો મજુરાના મોજે : બમરોલીની સીમમાં આવેલ રે.સર્વે નં.૧૬૪ પૈકી બ્લોક નં.૨૭૪/અ, જેનો ટી.પી.સ્કીમ નં.૫૮ (બમરોલી), ફા.પ્લોટ નં.૧૧૬ થી નોંધાયેલી બીનખેતીની જમીન ઉપર આયોજીત **તૃપ્તિનગર કો-ઓ.હા.સો. (સુચીત)** ના નામની સોસાયટીના **પ્લોટ નંબર : એ-૩** ની જમીનમાં પાડવામાં આવેલા રહેઠાણના પ્લોટો પૈકી **પ્લોટ નંબર: ૩૦, ૩૦એ, ૩૧, ૩૧એ, ૩૨, ૩૨એ, ૩૩, ૩૩એ, ૩૪, ૩૪એ** વાળી મીલકત મારા અસીલ **મુકેશભાઇ નરેન્દ્રભાઇ પ્રજાપતિ**ની માલીકીની ચાલી આવેલ. સદર જે-તે પ્લોટો તેના જે-તે માલીકો કનેથી વેચાણ દસ્તાવેજો કરાવેલા હતા, જે વેચાણ દસ્તાવેજો પૈકી નીચે શિડયુલમાં વર્ણવેલ **અસલ વેચાણ દસ્તાવેજો, અસલ ઇન્ડેક્ષ-ર, અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટો (આર.આર.) કયાંક ગુમ/ગેરવલ્લે થઇ ગયેલ છે, જે ઘણી શોધખોળ કરવા છતાં આજરોજ સુધી મળી આવેલ નથી.** જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મીલકતમાં જો કોઇપણ વ્યકિત, સંસ્થા કે બેંકના કોઇપણ જાતના લાગભાગ, હક્ક, હિત, હિસ્સા અધિકાર, ચાર્જ, બોજા પહોંચતા હોય તો તેવી વ્યકિત, સંસ્થા યા બેંકે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં લેખિત પુરાવાઓ સહીત અમોને રૂબરૂ મળવુ.

-: શિડયુલ ::-

ખોવાઇ ગયેલ વેચાણ દસ્તાવેજો, અસલ ઇન્ડેક્ષ-ર, અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટો (આર.આર.) ની વિગત

ક્રમ	પ્લોટ નંબર	ખોવાયેલ વિગત	દસ્તાવેજ રજી.નં.	દસ્તાવેજ રજી. તા.
૧	૩૦, ૩૦એ, ૩૧, ૩૧એ, ૩૨, ૩૨એ, ૩૩, ૩૩એ, ૩૪ તથા ૩૪એ	અસલ દસ્તાવેજ અને આર.આર., ઈન્ડેક્ષ-ર	૩૬૩૪	૧૪/૦૩/૧૯૯૦
૨	૩૦, ૩૦એ, ૩૧, ૩૧એ	અસલ આર.આર., ઇન્ડેક્ષ-ર	૬૨૭૫	૦૭/૦૮/૨૦૦૩
૩	૩૦, ૩૦એ, ૩૧, ૩૧એ	અસલ આર.આર., ઇન્ડેક્ષ-ર	૮૪૪૮	૦૩/૦૬/૨૦૦૬
૪	૩૨, ૩૩	અસલ દસ્તાવેજ અને આર.આર., ઇન્ડેક્ષ-ર	૮૧૩૬	૩૧/૦૫/૧૯૯૯
૫	૩૨એ, ૩૩એ	અસલ દસ્તાવેજ અને આર.આર., ઇન્ડેક્ષ-ર	૫૨૭૭	૦૫/૦૮/૨૦૦૨
૬	૩૨એ	અસલ આર.આર., ઈન્ડેક્ષ-ર	૧૧૬૮૦	૨૭/૦૭/૨૦૦૬
૭	૩૪	અસલ આર.આર., ઇન્ડેક્ષ-ર	૧૧૬૮૧	૨૭/૦૭/૨૦૦૬
૮	૩૪એ	અસલ આર.આર., ઇન્ડેક્ષ-ર	૮૪૪૯	૦૩/૦૬/૨૦૦૬

ઠેકાણુ :- ૦૩, જય જવાન જય કિસાન નગર, બમરોલી રોડ, બમરોલી, સુરત. મો.નં.૯૩૭૫૩ ૯૭૧૬૬

મારી મારફત
આનંદ ડી. આહિરે (એડવોકેટ)